પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
હર ઘર તિરંગા
Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં રેવડી કલ્ચર ગંભીર મુદ્દો : સુપ્રીમ

**રેવડી કલ્ચર દેશના અર્થતંત્રને મોટું નુકશાન પહોંચાડે છે : રેવડી કલ્ચરના વિવાદ પર સુપ્રીમની આકરા શબ્દોમાં ઝાટકણી : ભારત એવો દેશ છે જ્યાં ભૂખ્યા લોકોનું પેટ ભરવા કેન્દ્ર સરકારની યોજના પણ છે : અર્થતંત્ર રૂપિયા ગુમાવી રહ્યું છે માટે જનકલ્યાણને સંતુલિત કરવું પડશે**



નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે 'રેવડી કલ્ચર'ને ગંભીર મુદ્દો ગણાવ્યો છે. ગુરુવારે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ચૂંટણીની મોસમ દરમિયાન રાજકીય પક્ષો દ્વારા મફત આપવાનું વચન એ 'ગંભીર મુદ્દો' છે, કારણ કે તે અર્થતંત્રને નુકસાન પહોંચાડે છે. સુપ્રીમ કોર્ટમા અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી, જેમાં ચૂંટણી દરમિયાન મતદારોને આકર્ષવા માટે મફત આપવાનું વચન આપતાં રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં ચૂંટણી ઢંઢેરા અને તેમાં આપવામાં આવેલા વચનો માટે રાજકીય પક્ષોને જવાબદાર ઠેરવવા જણાવ્યું છે.

ચીફ જસ્ટિસ એન.વી. રમના અને જસ્ટિસ કૃષ્ણ મુરારીની બેન્ચે કહ્યું કે, ચૂંટણી દરમિયાન અતાર્કિક મફત ભેટનું વચન આપનારા રાજકીય પક્ષોને માન્યતા રદ કરવાનો વિચાર અલોકતાંત્રિક છે. બેન્ચ તરફથી ચીફ જસ્ટિસે કહ્યું

● અનુસંધાન પાન-૭ પર



## મોદીએ પીએમઓ કર્મીઓની દીકરીઓ પાસે રાખડી બંધાવી

દેશભરમાં રક્ષાબંધનના તહેવારની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રક્ષાબંધન ઉજવી હતી પણ તેમણે અનોખા અંદાજમાં ભાઈ બહેનના તહેવારનુ સેલિબ્રેશન કર્યુ હતુ.

પીએમ નરેન્દ્ર મોદીએ આ વખતે નાનકડી બાળકીઓ પાસે રાખડી બંધાવી હતી.આ બાળકીઓ પીએમ ઓફિસમાં કામ કરતા સફાઈ કર્મીઓ, માળી અને ડ્રાઈવરની પુત્રીઓ છે. પીએમ મોદીએ તેમની પાસે રાખડી બંધાવીને તેમને આશીર્વાદ આપ્યા હતા અને તેમની સાથે ઘણી વાતો પણ કરી હતી. પીએમને રાખડી બાંધવાની ખુશી બાળકીઓના ચહેરા પર દેખાતી હતી.

# આર્મી કેમ્પ પર હુમલો : ૨ આતંકી ઠાર

**હુમલામાં ત્રણ જવાન શહીદ : આતંકવાદીઓએ કેમ્પમાં ઘુસવાનો પ્રયાસ કર્યો પરંતુ જવાનોની સતર્કતાથી તેમનો મનસૂબો સફળ થયો ન હતો**

જમ્મુ,તા.૧૧

કાશ્મીર ખીણ પ્રદેશના રાજૌરીમાં આંતકીઓ દ્વારા સેનાના કેમ્પ પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. સેનાએ વળતા જવાબમાં બંને આતંકીઓને ઠાર માર્યા છે. મળી રહેલા પ્રાથમિક અહેવાલ મુજબ આ ઘટનામાં સેનાના ૩ જવાન પણ શહીદ થયા છે.

જ્યારે કેટલાક જવાન ઘાયલ થયા છે. સેનાએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરું કર્યું છે. આતંકવાદીઓએ કેમ્પમાં ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સેનાના જવાનોની સતર્કતાના કારણે તેમનો મનસૂબો સફળ થયો ન હતો. હાલ કેમ્પની આસપાસના વિસ્તારમાં બીજા પણ આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે.

તમને જણાવી દઈએ કે મંગળવારે રાજૌરી જિલ્લામાં બોમ્બ સ્ક્વોડે એક જૂના અને કાટ ખાઈ ગયેલા ગ્રેનેડને નિષ્ક્રિય કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર



# જગદીપ ધનખડે દેશના ૧૪માં ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા

**ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુનો કાર્યકાળ પૂર્ણ : જગદીપ ધનખેડેને મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૧



પશ્ચિમ બંગાળના પૂર્વ રાજ્યપાલ જગદીપ ધનખડે આજે દેશના ૧૪મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેમને મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા.

વિદાય લઈ રહેલા ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુના કાર્યકાળનો ગુરૂવારે છેલ્લો દિવસ હતો. ભારતના ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના હોદ્દેદાર અધ્યક્ષ છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ મંગળવારે તેમના નિવાસસ્થાને વેંકૈયા નાયડુ અને તેમના અનુગામી ધનખરની યજમાની કરી હતી. એક નિવેદનમાં, લોકસભા સચિવાલયે કહ્યું કે નાયડુ અને બિરલાએ રાષ્ટ્રીય હિત અને સંસદીય બાબતોના મુદ્દાઓ પર નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર સાથે તેમના પરિપ્રેક્ષ્ય અને અનુભવો શેર કર્યા.

## શ્રીકાંત ત્યાગીને જામીન આપવા કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી, તા.૧૧

નોએડાની પોશ સોસાયટીમાં મહિલા સાથે ગાળાગાળી કરનારા ભાજપના નેતા શ્રીકાંત ત્યાગીને કોર્ટે પણ ઝાટકો આપ્યો છે.

મેરઠથી પકડાયેલા શ્રીકાંત ત્યાગીને કોર્ટે જામીન આપવાનો ઈનકાર કરી દીધો છે. ત્યાગીની ૯ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી.

નોએડાની કોર્ટે તેને ૧૪ દિવસની જયુડિશિલ કસ્ટડીમાં મોકલ્યો હતો.

હવે આ મામલાની સુનાવણી ૧૬ ઓગસ્ટે થવાની છે. તાજેતરના વિવાદ બાદ ત્યાગી સામે ચાર અલગ અલગ જગ્યાએ એફઆઈઆર નોંધવામાં આવી છે.




## ભારતીય વાયુસેના અગ્નિવીર પરિણામ ૨૦૨૨ જાહેર

નવી દિલ્હી, તા.૧૧

ભારતીય વાયુસેનાએ અગ્નિવીર પરિણામ ૨૦૨૨ જાહેર કર્યું છે. જે ઉમેદવારો આ પરીક્ષા માટે બેઠા છે તેઓ સીએએસબીની સત્તાવાર વેબસાઈટ agnipathvayu. cdac.in પર જઈને તેમનું પરિણામ જોઈ શકે છે. ભારતીય વાયુસેનાએ ૨૪ જુલાઈ ૨૦૨૨ ના રોજ 'અગ્નિપથ' યોજના હેઠળ પરીક્ષાનું આયોજન કર્યું હતું. આઈએએફઅનુસાર, લાખો ઉમેદવારોએ પરીક્ષામાં ભાગ લીધો છે.

આ ઉપરાંત, ઉમેદવારો આ લિંક https://agnipathvayu. cdac.in/avreg/controller/ showSignIn પર ક્લિક કરીને તેમનું પરિણામ સીધું પણ ચકાસી શકે છે. ઉપરાંત, નીચે આપેલા આ પગલાંઓ દ્વારા, તમે પરિણામ પણ જોઈ શકો છો.

વધુમાં, બધા શોર્ટલિસ્ટ ઉમેદવારોને એસએમએસ (રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર) અને ઈમેલ મોકલવામાં આવી રહ્યા છે.

# મહારાષ્ટ્રમાં સ્ટીલ-કાપડના વેપારીને ત્યાં આઈટીના દરોડા

**૩૯૦ કરોડની બેનામી સંપત્તી જપ્ત : ૩૨ કિગ્રા સોનું, હીરા-મોતીના દાગીના, અનેક પ્રોપર્ટીના દસ્તાવેજો સહિત ૫૮ કરોડ રૂપિયાની રોકડનો સમાવેશ**

મુંબઈ, તા.૧૧

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડી બાદ હવે આવકવેરા વિભાગ પણ એક્શનમાં છે. આઈટી વિભાગને બંગાળ બાદ હવે મહારાષ્ટ્રમાંથી પણ મોટા પ્રમાણમાં રોકડ મળી આવી છે. મહારાષ્ટ્રના જાલના ખાતે સ્ટીલ, કાપડના વેપારી અને રિયલ એસ્ટેટ ડેવલપરની ઓફિસ, ફેક્ટરી તથા ઘર સહિતના સ્થળોએ પાડવામાં આવેલા દરોડામાં મોટા પ્રમાણમાં બેનામી સંપત્તિ હાથ લાગી છે. આવકવેરા વિભાગે આશરે ૩૯૦ કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરી છે જેમાં ૩૨ કિગ્રા સોનું, હીરા-મોતીના દાગીના, અનેક પ્રોપર્ટીના દસ્તાવેજો સહિત ૫૮ કરોડ રોકડનો સમાવેશ થાય છે.

આવકવેરા વિભાગે ઘનશ્યામ ગોયલની માલિકીની કાલિકા સ્ટીલ અને સાઈ રામ સ્ટીલ તથા પ્રિટી સ્ટીલ કંપનીને સપાટામાં લીધી છે.

દરોડા દરમિયાન મળેલી રોકડને ગણવા માટે આશરે ૧૩ કલાક જેટલો સમય લાગ્યો હતો. આવકવેરા વિભાગે ૧થી ૮ ઓગષ્ટ દરમિયાન આ કાર્યવાહી કરી હતી.



આઈટીની નાસિક બ્રાન્ચે આ ઓપરેશન પાર પાડ્યું છે. રાજ્યના ૨૬૦ અધિકારીઓ અને કર્મચારીઓ આ કાર્યવાહીમાં સામેલ થયા હતા. આઈટી વિભાગના કર્મચારીઓ ૫ ટીમમાં વહેંચાઈ ગયા હતા અને દરોડા માટે ૧૨૦થી વધુ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આવકવેરા વિભાગની ટીમોએ તેમના વાહનો પર 'દુલ્હન હમ લે જાયેંગે' તેવા સ્ટીકર લગાવ્યા હતા. તેના કારણે લોકોને લાગ્યું હતું કે આ કોઈ લગ્ન પ્રસંગે જઈ રહેલી ગાડીઓ છે અને કોઈને આવકવેરાની ટીમો હોવાની શંકા નહોતી ગઈ.

કાપડ અને સ્ટીલના વેપારીના ઘરેથી મળી આવેલી નોટોને જાલનાની સ્થાનિક સ્ટેટ બેંકની

● અનુસંધાન પાન-૭ પર